# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર
## એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૨૩
## (તારીખઃ ૨૮/૦૭/૨૦૨૬, મંગળવાર)
## કાર્યનોંધ

**એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ૨૩, તારીખઃ ૨૮/૦૭/૨૦૨૬ને મંગળવારના રોજ બપોરે ૦૩ઃ૧૫ કલાકે કુલપતિશ્રીના કાર્યાલયમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

**ક્રમ સભ્યશ્રીઓના નામ**

(૧) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી)
(૨) ડૉ. ભાઈલાલભાઈ પી. પટેલ (કુલસચિવશ્રી)
(૩) ડૉ. દિપીબેન બી. શાહ
(૪) શ્રી કલ્પેશકુમાર રોહિતકુમાર ત્રિવેદી
(૫) ડૉ. દર્શનભાઈ બી. ચોકસી
(૬) ડૉ. પિનાકીનીબેન ડી. પંડયા
(૭) ડૉ. ભાવનાબેન જર્નાદન પરમાર
(૮) ડૉ. ઘનશ્યામસિંહ સોઢા
(૯) શ્રી રાજેન્દ્રકુમાર ભૂપેન્દ્રભાઈ પટેલ
(૧૦) શ્રી નિશાંત વિક્રમભાઈ પટેલ

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી અને કુલપતિશ્રીએ સૌને આવકાર્યા.

**(સિન્ડિકેટ વિભાગ)**

૧. તારીખઃ**૧૭/૦૭/૨૦૨૬**ને **શુક્રવાર**ના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ ૨૨** ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૧ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૧૭/૦૭/૨૦૨૬ને શુક્રવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૨૨ ની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૨. તારીખઃ**૧૭/૦૭/૨૦૨૬**ને **શુક્રવાર**ના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ ૨૨** માં પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહીના અહેવાલની નોંધ લેવા બાબત. **(બિડાણઃ ૨)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૭/૦૬/૨૦૨૬ને શુક્રવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૨૨ માં પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહીના અહેવાલની નોંધ લીધી.**

(એકેડેમિક વિભાગ)

૩. આચાર્યશ્રી, સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ, બાકરોલના તારીખઃ ૨૯/૬/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ SPCAM/CORRS/3503/26 તથા SPCAM/CORRS/3504/26 થી સદર કોલેજમાં નીચે દર્શાવેલ અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| 1. | Dr. Surjanbhai Harshadbhai Vaghela (SC)<br>B.A. (Economics) March,2018 CGPA : 7.07<br>M.A.(Economics) December,2020 CGPA: 6.15<br>**Ph.D. (Economics) May, 2025**<br>College Joining Date : 23/6/2026<br>Basic Pay Rs. 15,600 to 39,100 (6,000 AGP). | Assistant Professor in Economics | લાયકાત ધરાવે છે. |
| 2. | Anant Kishorbhai Parmar<br>B.C.A. May, 2022 CGPA : 8.36<br>M.C.A. April,2024 CGPA: 8.11<br>**UGC's'NET (Computer Sci. & Applications) February, 2026**<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 15,600 to 39,100 (6,000 AGP). | Assistant Professor in Computer Science | લાયકાત ધરાવે છે. |

નોંધઃ (૧) ઉપરોકત અધ્યાપક આઇકયુએસી વિભાગના (૧) પત્ર નં. IQAC/API/2026-27/307 dated : 16.4.2026 મુજબ એલિજીબલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ, બાકરોલની ઉપરોકત ક્રમાંકઃ ૧ અને ૨ માં કરેલ અધ્યાપકોની નિમણૂંકોને માન્યતા આપવામાં આવી.**

(એકેડેમિક વિભાગ)

૪. આચાર્યશ્રી, સરદાર પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બાકરોલના તારીખઃ ૨/૭/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ SPCE/CORRES/900/2026થી સદર કોલેજમાં નીચે દર્શાવેલ અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| 1. | Dr. Pareshbhai Hemantkumar Yadav (EWS)<br>B.A. (Sanskrit) April,2005 52.72%<br>B.P.Ed. April,2006, 73.35%<br>M.P.Ed. April,2015 CGPA: 7.01<br>Diploma in Yog July,2023 77.66%<br>**Ph.D. (Physical Education) March, 2026**<br>**Teaching Exeperience :**<br>10 Years as a Physical Instructor<br>College Joining Date : 29/6/2026<br>Basic Pay Rs. 15,600 to 39,100 (6,000 AGP). | Assistant Professor in Physical Education | લાયકાત ધરાવે છે. |

નોંધઃ (૧) ઉપરોકત અધ્યાપક આઇકયુએસી વિભાગના (૧) પત્ર નં. IQAC/API/2026-27/1025 dated : 29.4.2026 મુજબ એલિજીબલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલની ઉપરોકત ક્રમાંકઃ ૧ માં કરેલ અધ્યાપકોની નિમણૂંકોને માન્યતા આપવામાં આવી.**

**(એકેડેમિક વિભાગ)**

૫. આચાર્યશ્રી, વિનાયકા કોલેજ ઓફ નર્સિંગ, નડીયાદના તારીખઃ૨૪/૬/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ VCN/2026/4206થી સદર કોલેજમાં નીચે દર્શાવેલ અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| 1. | Ishita Ishak Macwan<br>Diploma in G. N. M. March,2017 50.33%<br>Post Basic B.Sc.(Nursing) August, 2019 57.76%<br>M.Sc. Nursing August, 2023 61.23%<br>**Teaching Experience :**<br>4 Years & 7 Months as a Nursing Tutor<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 15,600 to 39,100 (6,000 AGP). | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| 2. | Surbhi Bhavin Vaghela<br>(Surbhi Shailesh Parmar)<br>Diploma in G. N. M. March,2018 62.33%<br>Post Basic B.Sc.(Nursing) Sept.,2020 70.82%<br>M.Sc. Nursing August, 2023 71.46%<br>**Teaching Experience :**<br>3 Years & 7 Months as a Nursing Tutor<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 15,600 to 39,100 (6,000 AGP). | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| 3. | Nikitakumari Vinchhiabhai Bariya<br>B.Sc. (Nursing) July,2019 67.2%<br>M.Sc. (Nursing), November, 2023 65.61%<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 9,300 to 34,800 (4,200 AGP). | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| 4. | Nismanbanu Munir Ahemad Ansari<br>B.Sc. (Nursing) July,2019 70.6%<br>M.Sc. Nursing September,2023 71.83%<br>**Teaching Experience :**<br>2 Years as a Nursing Tutor<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 9300 to 34,800 (4,200 AGP). | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| 5. | Hardikkumar Bhanuprasad Parmar<br>Diploma in G. N. M. March,2018 66%<br>Post Basic B.Sc.(Nursing) Sept.,2020 68.47%<br>M.Sc. Nursing September,2024 67.15% | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| | **Teaching Experience :**<br>1 Year as a Nursing Tutor<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 9300 to 34,800 (4,200 AGP). | | |
| 6. | Kwinal Bhupalbhai Rathod<br>B.Sc. (Nursing) August,2021 70.%<br>M.Sc. Nursing October,2024 74.83%<br>**Teaching Experience :**<br>1 Year as a Nursing Tutor<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 9300 to 34,800 (4,200 AGP). | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| 7. | Mikin Mehulbhai James<br>Basic B.Sc. (Nursing) Sept.,2020 62.5%<br>M.Sc. Nursing October,2024 66.53%<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 9300 to 34,800 (4,200 AGP). | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| 8. | Jayeshkumar Manubhai Parmar<br>Diploma in G. N. M. Sept.,2019 70%<br>Post Basic B.Sc. (Nursing) Sept.,2022 66.35%<br>M.Sc. Nursing October,2024 68.38%<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 9300 to 34,800 (4,200 AGP). | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| 9. | Twinkalbahen Kiritbhai Vankar<br>Diploma in G. N. M. July.,2018 51.5%<br>Post Basic B.Sc. (Nursing) Dec.,2022 58.87%<br>M.Sc. Nursing September,2025 70.5%<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 9300 to 34,800 (4,200 AGP). | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| 10. | Nidhi Dharmendra Naik<br>Basic B.Sc. (Nursing) August,2021 69.16%<br>M.Sc. Nursing August,2025 CGPA: 9.28<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 9300 to 34,800 (4,200 AGP). | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| 11. | Kamali Deep Patel<br>(Kamali Mahendrakumar Patel)<br>Basic B.Sc. (Nursing) Sept.,2020 68%<br>M.Sc. Nursing September,2025 79.66%<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 9300 to 34,800 (4,200 AGP). | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| 12. | Krishnaben Sandipkumar Patel<br>B.Sc.(Nursing) December,2021 CGPA: 8.93<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 9300 to 34,800 (4,200 AGP). | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |
| 13. | Harshaliben Yogeshkumar Parmar<br>Post Basic B.Sc.(Nursing) August,2021 58.70%<br>College Joining Date : 23/6/2026<br>Basic Pay Rs. 9300 to 34,800 (4,200 AGP). | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| 14 | Riyakumari Sanjaykumar Vankar<br>Basic B.Sc.(Nursing) August,2023 75%<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 9300 to 34,800 (4,200 AGP). | Nursing Tutor | લાયકાત ધરાવે છે. |

નોંધઃ (૧) ઉપરોક્ત અધ્યાપક આઇક્યુએસી વિભાગના (૧) પત્ર નં. IQAC/API/ 2025-26/330 dated : 17.4.2026 મુજબ એલિજીબલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે વિનાયકા કોલેજ ઓફ નર્સિંગ, નડીયાદની ઉપરોક્ત ક્રમાંકઃ ૧ થી ૧૪ માં કરેલ અધ્યાપકોની નિમણૂંકોને માન્યતા આપવામાં આવી.**

**(મહેકમ વિભાગ)**

૬. યુનિવર્સિટીમાં નીચે જણાવેલા શિક્ષક કર્મચારીઓ તેમના નામ સામે દર્શાવેલ તારીખે ૬૨ વર્ષની વય પૂરી કરતા હોઈ તેઓ નિયમાનુસાર તારીખઃ ૧૪-૦૬-૨૦૨૭ અને તારીખઃ ૩૧-૧૦-૨૦૨૭ના રોજ (ઓફિસ સમય બાદ) નિવૃત્ત થશે તેની નોંધ લેવા બાબત.

| અનુ. નં. | નામ અને હોદ્દો | વિભાગ | જન્મ તારીખ | ૬૨ વર્ષની વય પૂરી કર્યાની તારીખ |
|---|---|---|---|---|
| ૧. | ડૉ. અબ્દુલવાહીદ હારૂનભાઈ હાસમાની<br>પ્રોફેસર(સીએએસ) | અનુસ્નાતક ગણિતશાસ્ત્ર વિભાગ | ૦૭-૦૨-૧૯૬૫ | ૦૬-૦૨-૨૦૨૭ |
| ૨. | ડૉ. (કુ) સંગીતા નટવરલાલ પાઠક<br>એસોસિએટ પ્રોફેસર (ડીસીએએસ) | અનુસ્નાતક વિભાગ મનોવિજ્ઞાન વિભાગ | ૧૪-૦૩-૧૯૬૫ | ૧૩-૦૩-૨૦૨૭ |
| ૩. | ડૉ. (શ્રીમતી) કોલા નમ્રિતા સાઇપ્રસાદ<br>પ્રોફેસર(સીએએસ) (આરડીઈએસ) | અનુસ્નાતક ગૃહવિજ્ઞાન વિભાગ | ૨૫-૦૩-૧૯૬૫ | ૨૪-૦૩-૨૦૨૭ |
| ૪. | ડૉ. પરેશકુમાર વલ્લભદાસ વિરપરીયા<br>પ્રોફેસર(સીએએસ)(આરડીઈએસ) | અનુસ્નાતક કોમ્પ્યુટર સાયન્સ વિભાગ | ૧૭-૦૫-૧૯૬૫ | ૧૬-૦૫-૨૦૨૭ |
| ૫. | ડૉ. જીતેન્દ્રકુમાર બાબુભાઈ પટેલ<br>એસોસિએટ પ્રોફેસર(સીએએસ) | એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન | ૨૨-૦૫-૧૯૬૫ | ૨૧-૦૫-૨૦૨૭ |
| ૬. | ડૉ.(કુ) પીનાકીની દિનેશભાઈ પંડયા<br>પ્રોફેસર (સીએએસ)<br>(આરડીઈએસ) | અનુસ્નાતક ગુજરાતી વિભાગ | ૨૯-૦૮-૧૯૬૫ | ૨૮-૦૮-૨૦૨૭ |

(નોંધઃરાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના તારીખઃ ૩૦-૧૨-૨૦૦૦ના ઠરાવ ક્રમાંકઃ પરચ/ ૧૧૨૦૦૦/ખ ના સંદર્ભમાં યુનિવર્સિટીના શિક્ષકોની નિવૃત્તિ અંગેના નિયમાનુસાર શિક્ષકની નિવૃત્તિ વય તારીખઃ ૧૫મી જૂનથી ૩૧મી ઓક્ટોબર વચ્ચે આવતી હોય તેવા કિસ્સામાં નિવૃત્તિ ૩૧મી ઓક્ટોબર ગણાય. જ્યારે ૧લી નવેમ્બરથી ૧૪મી જૂન વચ્ચે નિવૃત્તિ વય આવતી હોય તેવા કિસ્સામાં ૧૪મી જૂન સુધી આપોઆપ લંબાયેલી ગણવાની જોગવાઈ અનુસાર ઉપરોક્ત શિક્ષક કર્મચારીઓ તારીખઃ ૧૪-૦૬-૨૦૨૭ અને તારીખઃ ૩૧-૧૦-૨૦૨૭ના રોજ નિવૃત્ત થશે.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના અનુ. નંબર ૧ થી ૬ માં જણાવેલ શિક્ષક કર્મચારીઓ તેમના નામ સામે દર્શાવેલ તારીખે ૬૨ વર્ષની વય પુરી કરતા હોય તેઓ નિયમનુસાર તારીખઃ૧૪/૬/૨૦૨૭ અને તારીખઃ૩૧/૧૦/૨૦૨૭ ના રોજ (ઓફિસ સમય બાદ) નિવૃત્ત થશે તેની નોંધ લેવામાં આવી.**

**(મહેકમ વિભાગ)**

૭. ડૉ. પારૂલ પોપટના ધ ગુજરાત પબ્લીક યુનિફોર્મ યુનિવર્સિટીસ્ સ્ટેચ્યુટ-૨૦૨૪ ની સેકશન ૯૪(૮) અન્વયે ટીચર રીપ્રેજન્ટેટીવ નક્કી કરવા બાબત (બિડાણ:૦૧)

નોંધ:- ૧) ડૉ. મનીષ સોલંકી, આસી. પ્રોફેસર, અનુસ્નાતક અંગ્રેજી વિભાગે તેમના વિભાગમાં ફરજ બજાવતા ડૉ. પારૂલ પોપટ વિરૂધ્ધ કરેલ ફરીયાદના અનુંસધાનમાં તપાસ સમિતી તારીખ: ૨૨/૦૭/૨૦૨૬ના રોજ OLD SYNDICATE HALL (રૂમ નંબર: ૧૧૧) ખાતે સવારે ૧૦:૩૦ કલાકે મળેલ જેમાં સર્વાનુમતે નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે;

૨) ડૉ. પારૂલબેન પોપટ દ્વારા ધ ગુજરાત પબ્લીક યુનિફોર્મ યુનિવર્સિટીસ્ સ્ટેચ્યુટ-૨૦૨૪ ની સેકશન ૯૪(૮) અન્વયે તેમની રજુઆત કરવા સારૂ યુનિવર્સિટીના ટીચર રીપ્રેજન્ટેટીવની નિમણૂંક કરવાની થાય. હાલ એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં બે ટીચર રીપ્રેજન્ટેટીવ છે અને ડૉ. પારૂલબેન પોપટ અને ડૉ. મનીષ સોલંકી એ સામ-સામે ફરીયાદ કરેલ છે. જેથી ડૉ. મનીષ સોલંકીની તપાસ અર્થે એક્ઝીક્યુટીવ કાઉન્સીલમા યુનિવર્સિટીના ટીચર રીપ્રેજન્ટેટીવ તરીકે ડૉ. દીપ્તીબેન શાહ રહેવાના હોય અન્ય ટીચર રીપ્રેજન્ટેટીવ સેવા નિવૃત થવાના હોય તેઓ ડૉ. પારૂલબેન પોપટના રીપ્રેજન્ટેટીવ તરીકે રહી શકે નહીં જેથી ડૉ.પારૂલબેન પોપટના રીપ્રેજન્ટેટીવ નક્કી કરવા બાબતની રજુઆત એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં રજુ કરી નિર્ણય લેવાનો થાય તેમ ઠરાવવામાં આવેલ. તો આ બાબતે આદેશનુસાર અત્રે રજુ કરેલ છે.

૩) સદર બાબતે સમીતીનો કાર્યનોંધ/અહેવાલ આ સાથે બંધ કવરમાં સામેલ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પારૂલ પોપટ દ્રારા ધ ગુજરાત પબ્લીક યુનિફોર્મ યુનિવર્સિટીસ સ્ટેચ્યુટ-૨૦૨૪ની સેકશન ૯૪(૮) અન્વયે તેમની રજુઆત કરવા સારૂ યુનિવર્સિટીના ટીચર રીપ્રેજન્ટેટીવ તરીકે યુનિવર્સિટી ભવનોના કોઇ ટીચરની નિમણૂંક કરવા સંબંધિતને જણાવવું.**

**વધુમાં, સભામાં સભ્ય તરીકે હાજર ડૉ. દિપ્તીબેન શાહએ જણાવેલ કે તેઓએ ટીચર રીપ્રેજન્ટેટીવ તરીકે રહેવા અંગે ડૉ. મનીષ સોલંકીને સહમતિ આપેલ નથી. જેથી સભા દ્વારા ઠરાવવામાં આવેલ કે આ અંગે ડૉ. મનીષ સોલંકીને જાણ કરી યુનિવર્સિટી ભવનોના કોઇ ટીચરની નિમણૂંક કરવા સંબંધિતને જણાવવું.**

**(એકેડેમીક વિભાગ)**

૮. એક્ઝીક્યુટીવ કાઉન્સીલ સભા: ૨૨, તારીખ:૧૭/૦૭/૨૦૨૬ના બાબત ક્રમાંક : ૨૩ અંતર્ગત આ યુનિવર્સિટી દ્વારા ડૉ. મનીષ સોલંકીને અંતિમ જવાબ/રજુઆત રજુ કરવા પાઠવેલ પત્રના અનુસંધાનમાં ડૉ. મનીષ સોલંકી દ્વારા આપેલ જવાબ ધ્યાને લઈ નિર્ણય લેવા બાબત:-

નોંધ:-૧) તારીખ:૧૭/૦૭/૨૦૨૬ના મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સીલ સભા: ૨૨ના બાબત ક્રમાંક : ૨૩ અંતર્ગત ડૉ. પારૂલ પોપટ, પ્રોફેસર, અનુસ્નાતક અંગ્રેજી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા પ્રિસાઈડીંગ ઓફીસર ઈન્ટરનલ કમિટી (ઈન્ટરનલ કમ્પલેઈન કમિટી ), એકેડેમિક વિભાગને કરેલ ફરીયાદના સંદર્ભે ઈન્ટરનલ કમિટી દ્વારા જમા કરાવવામાં આવેલ રીપોર્ટ ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત રજુ કરવામાં આવેલ હતી.

૨) ઉક્ત સમિતીની સભામાં બાબત ક્રમાંક: ૨૩ અંતર્ગત થયેલ ઠરાવ અનુસંધાને આ યુનિવર્સિટી દ્વારા તારીખ : ૧૭/૦૭/૨૦૨૬ના પત્ર ક્રમાંક નંબર: ડી/૨૦૨૬-૨૭/૨૬૦૩થી ડૉ. મનીષ સોલંકીને અંતિમ જવાબ રજુ કરવા દિન-૧૦ દિવસનો પત્ર પાઠવેલ છે.

૩)ઉપરોક્ત અનુસંધાનમાં ડૉ. મનીષ સોલંકી દ્વારા Inward No 6326, R, dated 27/07/2026 થી જવાબ મોકલી આપવામાં આવેલ હોય જે આ સાથે બિડાણથી સામેલ છે.

૪)આમ ઉક્ત બાબતે ચર્ચા વિચારણ કરી નિર્ણય લેવા અત્રે રજુ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પારૂલ પોપટ દ્વારા ડૉ. મનિષ સોલંકી વિરૂધ્ધ કરેલ ફરીયાદ અન્વયે ઈન્ટરનલ કમિટી (ઈન્ટરનલ કમ્પલેઈન કમિટી ICC) દ્વારા તા. ૦૨/૦૫/૨૦૧૬ના રોજ ભારતીય રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ ભાગ: III - સેકશન 4 University Grants Commission (Prevention, prohibition and redressal of sexual harassment of women employee and students in Higer education institution) Regulations, 2015 મુજબ નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ ઈન્ટરનલ કમિટી દ્વારા કરવામાં આવેલ ભલામણ 7 a માં સ્પષ્ટ દર્શાવિલ છે કે,**

**૧. ડૉ. મનિષ સોલંકી દ્વારા ડૉ. પારૂલ પોપટની સતામણી લાંબા સમયથી, જાહેરમાં અને વારંવાર કરવામાં આવેલ છે. ડૉ. મનીષ સોલંકી દ્વારા અયોગ્ય શારીરિક સ્પર્શ કરવામાં આવેલ છે જે બાબતના CCTV ફુટેજ પણ રેકોર્ડ છે. ઈન્ટરનલ કમિટના રીપોર્ટ, રીપોર્ટ સાથેના બિડાણ તેમજ સમિતી દ્વારા કરવામાં આવેલ તમામ પ્રકીયાની ચકાસણી કરતા પ્રસ્થાપીત થાય છે કે, ડૉ. મનિષ સોલંકી સામે થયેલ આરોપો સાચા અને ખરા છે.**

**૨. વધુમાં ડૉ. પારૂલ પોપટએ કરેલ ડૉ. મનિષ સોલંકી વિરૂધ્ધ ફરીયાદ અન્વયે ફરીયાદના સમર્થનમાં રજુ થયેલ પુરાવા, સાક્ષીઓના નિવેદનો, ડૉ. મનિષ સોલંકીની ઉલટ-તપાસ જોતા તેમની સામેના આરોપો પુરવાર સાબિત થાય છે.**

**૩. ડૉ. મનીષ સોલંકીનો તારીખ ૨૭/૦૭/૨૦૨૬નો જવાબ ધ્યાને લેતાં તેમ ફલીત થાય છે કે, ડૉ. મનીષ સોલંકી દ્વારા તેમના જવાબમાં તેમની સામે થયેલ આરોપોનો બચાવ કરવા તેમજ કમિટીના રીપોર્ટ અને તારણો વિરૂધ્ધ કોઈ મજબુત આધારભુત પુરાવા રજુ કરેલ નથી.**

૪. ડૉ. મનીષ સોલંકીની તારીખ: ૨૪/૦૩/૨૦૨૬ની ફરીયાદ અન્વયે મા. કુલપતિશ્રી દ્વારા ધ ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઝ યુનિફોર્મ સ્ટેચ્યુટસ, ૨૦૨૪ અંતર્ગત સેકશન ૯૪ અન્વયે સમિતીની રચના થયેલ છે અને હાલ સમિતી દ્વારા તપાસ ચાલુ છે.

૫. આ સંજોગોમાં ડૉ. મનીષ સોલંકીનો જવાબ ગ્રાહ્ય રાખવો યોગ્ય નથી. જો તેમનો આ જવાબ ગ્રાહ્ય રાખવામાં આવે તો યુનિવર્સિટીમાં મહિલાની સુરક્ષા બાબતે ખુબ જ ખોટુ ઉદાહરણ પ્રસ્તુત થાય અને ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાને પ્રોત્સાહન મળે. અયોગ્ય સ્પર્શની અને ચાલુ વર્ગખંડમાંથી કાઢી મુકવાની ઘટના વિદ્યાર્થીઓની સામે બનેલ છે જેની વિદ્યાર્થીઓના માનસ પર પણ ખોટી અસર થયેલ હશે. ઈન્ટરનલ કમિટી (ઈન્ટરનલ કમ્પલેઈન કમિટી ICC) રીપોર્ટની ભલામણ 7 a ને ધ્યાને લઈ અત્રે એ નોંધનીય છે કે,

તા. ૦૨/૦૫/૨૦૧૬ના રોજ ભારતીય રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ ભાગ: III -સેકશન 4 University Grants Commission (Prevention, prohibition and redressal of sexual harassment of women employee and students in Higer education institution) Regulations, 2015 ના મુદ્દા નં 10(1) ને ધ્યાને લઈ યુનિવર્સિટીના સર્વિસ રૂલ ધ્યાને લીધેલ અને ધ ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઝ યુનિફોર્મ સ્ટેચ્યુટસ, ૨૦૨૪ ના CHAPTER XVII (GOVERNING TERMS AND CONDITIONS OF SERVICE OF TEACHERS WORKING IN UNIVERSITY SCHOOLS, UNIVERSITY DEPARTMENTS, AFFILIATED / CONDUCTED / CONSTITUENT COLLEGES AND UNIVERSITY INSTITUTIONS) અન્વયે section 178 (b)(iii) માં ઠરાવેલ "Compulsory Retirement" સજા યોગ્ય જણાય છે. જે બાબતે બોર્ડ ઓફ મેનેજમેન્ટની મંજુરી બાદ ડૉ. મનીષ સોલંકીની "Compulsory Retirement"ની કાર્યવાહી નિયમાનુસાર કરવી તેમ આ સભા દ્વારા ઠરાવવામાં આવે છે.

(નોંધઃ ઉકત ઠરાવ સાથે સભ્યશ્રી ડૉ. પિનાકીની પંડ્યાએ અસહમતિ દર્શાવી. તેઓએ જણાવ્યું કે ડૉ. પારૂલ પોપટ વિરૂધ્ધની ડૉ. મનિષ સોલંકીની ફરીયાદ અન્વયે તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ડૉ. મનિષ સોલંકીની સજાનો અમલ કરી શકાય નહીં. પરંતુ સભાનાં અન્ય સભ્યોએ જણાવ્યું કે POSH ACT અંતર્ગતની કાર્યવાહીઓ માટે તા. ૦૨/૦૫/૨૦૧૬ના ભારતીય રાજપત્રમાં સમય મર્યાદાઓ દર્શાવેલ છે. જેથી સમયસર કાર્યવાહી કરવી જરૂરી છે. આ ઉપરાંત ડૉ. મનિષ સોલંકીની ફરીયાદ અન્વયેની કમિટીની કાર્યવાહી પણ ચાલુ છે. જેથી તા. ૦૨/૦૫/૨૦૧૬ના ભારતીય રાજપત્ર મુજબ રજૂઆતની અંતિમ તક સંદર્ભે નિર્ણય લીધા બાદ સજાનો અમલ અન્ય ફરિયાદનાં નિર્ણય સુધી રોકી રાખવો તે યોગ્ય નથી. જેથી ડૉ. પિનાકીની પંડ્યા સિવાયનાં અન્ય હાજર તમામ સભ્યોની સહમતિથી આ ઠરાવ કરવામાં આવે છે.)

કુલસચિવ

નંબરઃ કે.૧/૨૯૬૩
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૨૮/૦૭/૨૦૨૬

પ્રતિ,
એક્ઝીકયુટીવ કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ જોગ.